સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૩–૨–

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–

::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૬–૨–૦૯ ના પત્ર નં.સીમીસ/૮/૪૭ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)માં નીચે જણાવ્યા મુજબના સુધારા કરવાનું અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૨(૧) મુજબ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાનું તથા દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા તેને આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ફેબ્રુઆરી–૨૦૦૬ અને જુલાઈ–૨૦૦૬ માં સુરતના થયેલા હદ વિસ્તરણ પહેલાના 'સુડા' ના સમયમાં થયેલ બાંધકામો કે જેમાં જે તે હેતુ માટે હિત સંબંધ ધરાવનાર ધ્વારા વપરાશ/ઉપયોગ ચાલુ હોઈ, હયાત પરિસ્થિતિ અને માનવતાને ધ્યાને લઈ વપરાશ હેઠળના નીચે પત્રકમાં જણાવ્યા મુજબના બાંધકામો ઉપર મુકવામાં આવેલ સુચિત રીઝર્વેશન/રસ્તા (સુડાના મંજુર રીવાઈઝડ ડેવલપમેન્ટ પ્લાન તા.૨–૯–૨૦૦૪ ના ડી.પી.ના રીઝર્વેશન પ્લોટ અને ડી.પી.ના રોડ પરના બાંધકામો સિવાય) દુર કરવા, જરૂરી સુધારા કરવાનું અને તેને આનુસાંગિક ફેરફારો કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | દરખાસ્તમાં રજુ કરેલ રીઝર્વેશન નંબર | ગામ | બ્લોક નંબર |
|---|---|---|---|
| ૧ | આર–૫ | મોજે ગોડાદરા | ૭૯ પૈકી |
| ૨ | આર–૬ | મોજે ગોડાદરા | ૭૭ પૈકી, ૭૮ પૈકી, ૧૧૧ પૈકી, ૧૧૪ પૈકી |
| ૩ | આર–૭ પૈકી | મોજે ગોડાદરા | ૧૦૮ પૈકી, ૧૨૧ પૈકી, ૧૨૨ પૈકી |
| ૪ | આર–૮ | મોજે ગોડાદરા | ૧૧૧ પૈકી |
| ૫ | આર–૯ | મોજે ગોડાદરા | ૧૧૨ પૈકી, ૧૧૩ પૈકી |
| ૬ | આર–૧૫ | મોજે ગોડાદરા | ૧૦૯ પૈકી |
| ૭ | આર–૩૬ | મોજે ડીંડોલી | ૧૨૮ પૈકી, ૧૨૯ પૈકી |
| ૮ | આર–૧૦ પૈકી | મોજે ગોડાદરા | ૮૦ પૈકી, ૮૧ પૈકી, ૮૨ પૈકી, ૮૩ પૈકી |

<u>ઠરાવ નં.૭/૨૦૦૯ સર્વાનુમતે મંજુર</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,